# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-10-2024** **Morning : 7.10 to 7.20**

**Day: MONDAY** **Regional News**

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સાન્ચેઝ આજે વડોદરામાં સી-295 એરક્રાફ્ટ કૉમ્પ્લેક્સનું ઉદ્ઘાટન કરશે.
2) પ્રધાનમંત્રી આજે અમરેલીમાં 4 હજાર 800 કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.
3) ગાંધીનગર મહાનગરપાલિકાને શ્રેષ્ઠ સલામત, સુરક્ષા પ્રણાલી માટે પુરસ્કાર મળ્યો
4) રાજ્યમાં દિવાળી દરમિયાન ઉનાળા જેવી ગરમીનો અનુભવ થવાની હવામાન વિભાગની આગાહી.
5) અમદાવાદમાં રમાયેલી ભારત અને ન્યૂ ઝિલેન્ડ મહિલા ક્રિકેટ ટીમની મેચમાં ભારતનો 76 રનથી પરાજય

---

### PM MODI VADODARA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સાન્ચેઝ આજે વડોદરામાં સી-295 એરક્રાફ્ટ કૉમ્પ્લેક્સના ઉત્પાદન માટે તાતા એરક્રાફ્ટ કૉમ્પ્લેક્સનું ઉદ્ઘાટન કરશે. આ અંગે વડોદરાના અમારા પ્રતિનિધિ નિર્મિત દવેએ માહિતી આપી હતી.

તાતા એડવાન્સ સિસ્ટમ્સ લિમિટેડ દ્વારા વડોદરા ખાતે ફાઈનલ એસેમ્બલી લાઈન સુવિધાની સ્થાપના, જે તાતા એરક્રાફ્ટ કોમ્પ્લેક્સ તરીકે ઓળખાય છે. તે સંરક્ષણ ઉત્પાદનમાં ભારતને આત્મનિર્ભર બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે. આ સુવિધા ભારતમાં લશ્કરી વિમાનો માટે ખાનગી ક્ષેત્રની પ્રથમ ફાઈનલ એસેમ્બલી લાઇન હશે.

ઉલ્લેખનીય છે કે, 24 સપ્ટેમ્બર 2021ના રોજ સંરક્ષણ મંત્રાલયે ભારતીય વાયુસેના માટે 56 સી-295 મીડિયમ ટેક્ટિકલ લિફ્ટ એરક્રાફ્ટની ખરીદી માટે એરબસ ડિફેન્સ એન્ડ સ્પેસ સ્પેન સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

વડોદરા ખાતેની ફેસિલિટીમાં પ્લાન્ટ ડિઝાઈન અને કામગીરીમાં પર્યાવરણીય ટકાઉપણા પર ભાર મુકાયો છે, જેમાં ઊર્જા-કાર્યક્ષમ પ્રણાલીઓ, કચરો ઘટાડવાની પદ્ધતિઓ અને ટકાઉ સંસાધન વ્યવસ્થાપનનો સમાવેશ થાય છે.

---

## PM AMRELI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે અમરેલી જિલ્લાની મુલાકાત દરમિયાન લાઠીના સોલાર ગામ એવા દુધાળાની મુલાકાત લેશે. પ્રધાનમંત્રી જિલ્લાના ચાર હજાર 800 કરોડ રૂપિયાના વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કરશે. દરમિયાન શ્રી મોદી ભારત માતા સરોવરનું પણ લોકાર્પણ કરશે. દરમિયાન તેઓ નારણ સરોવર અને હેતની હવેલીની પણ મુલાકાત લેશે. આ અંગે અમરેલી જિલ્લાના અમારા પ્રતિનિધિએ માહિતી આપી હતી.

(ઑડિયો – હરેશ ટાંક, અમરેલી પ્રતિનિધિ)

પ્રધાનમંત્રી આજે બપોરે વિવિધ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત બાદ લાઠી તાલુકાના દુધાળા ગામ નજીક ભારત માતા સરોવર અને લાઠી શહેરમાં સભા પણ સંબોધશે. પ્રધાનમંત્રીના આગમનને લઈ સુરક્ષા વ્યવસ્થાની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

---

## GANDHINAGAR AWARD

ગાંધીનગર મહાનગરપાલિકાને શ્રેષ્ઠ સલામત, સુરક્ષા પ્રણાલી માટે પુરસ્કાર મળ્યો છે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલી 17મી અર્બન મૉબિલિટી ઇન્ડિયા પરિષદમાં ભારત સરકારના આવાસ અને શહેરી કાર્ય મંત્રાલય દ્વારા ગાંધીનગરને “સિટી વિથ બેસ્ટ સેફ્ટી એન્ડ સિક્યુરિટી સિસ્ટમ એન્ડ રેકોર્ડ”નો પુરસ્કાર અપાયો હતો.

આ પુરસ્કાર માટે ગાંધીનગર મહાનગરપાલિકાએ I.C.C.C. કેન્દ્ર, સીસીટીવી નેટવર્ક, સ્માર્ટ પૉલ જેવા વિવિધ સુરક્ષા અને સલામતીના ફિચર્સ સાથેનો વિગતવાર પ્રૉજેક્ટ રિપોર્ટ સુપરત કર્યો હતો. દિલ્હી ખાતે વિવિધ નિષ્ણાતોની પેનલે પસંદ કરેલા શહેરોનું પ્રેઝન્ટેશન રાઉન્ડ યોજાયું, જેમાં ગાંધીનગરને વિજેતા જાહેર કરાયું હતું.

---

**MID BREAK- NEWS-REGIONAL**

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

......................................

## WEATHER

રાજ્યના હવામાન વિભાગે દિવાળી દરમિયાન ઉનાળા જેવી ગરમીનો અનુભવ થશે તેવી શક્યતા વ્યક્ત કરી છે. વિભાગે જણાવ્યું હતું કે, આગામી સાત દિવસ રાજ્યનું વાતાવરણ યથાવત્ રહેવાની સંભાવના છે. જોકે, ચાર દિવસ બાદ કેટલાક જિલ્લાઓનું મહત્તમ તાપમાન એકથી 2 ડિગ્રી ઘટી શકે છે. બીજી તરફ કેટલાક જિલ્લાઓનું મહત્તમ તાપમાન હજી વધવાની આગાહી છે.

હવામાન વિભાગે જણાવ્યું કે, નવેમ્બર મહિનાના પ્રથમ સપ્તાહ બાદ ઠંડીની શરૂઆત થવાની શક્યતા છે. અમદાવાદ શહેરમાં છેલ્લા 24 કલાક દરમિયાન મહત્તમ તાપમાન 37.4 ડિગ્રી સામાન્ય કરતા 2 ડિગ્રી સેલ્સિયસ વધુ રહ્યું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન 3.8 ડિગ્રી સેલ્સિયસ વધુ રહી 23.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

---------------------------------------------------------------------

## SURAT VOLVO BUS

તહેવારોને પગલે રાજ્ય સરકારે વધુ બસ દોડાવવાનો નિર્ણય કર્યો છે. કેન્દ્રિય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે ગઈકાલે સુરતથી સૌરાષ્ટ્રના રૂટ પર નવી દસ અત્યાધુનિક વોલ્વો બસને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું. ગઈકાલે સુરતના ઉધના સ્ટેશને ઉત્તરપ્રદેશ અને બિહાર જવા મોટી સંખ્યામાં મુસાફરોનો ધસારો જોવા મળ્યો હતો.

સુરત રેલવે પોલીસ અને સ્થાનિક પોલીસે પ્રવાસીઓને લાઇનથી ટ્રેનમાં તેમની સીટ ઉપર બેસાડ્યા હતા.

---------------------------------------------------------------------

## GUJARAT VIDHYAPITH

ગૂજરાત વિદ્યાપીઠના પત્રકાર ભવનના 14 વિદ્યાર્થીઓએ પોરબંદર જિલ્લામાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમજ ત્રણ દિવસની ગ્રામજીવન પદયાત્રામાં વિદ્યાથીઓએ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોનો પ્રતિભાવ મેળવ્યા હતા. સાથે જ પોરબંદરથી માધુપુર વચ્ચેના ઘેડ પંથકની પણ મુલાકાત લઈ ત્યાંની પરંપરાગત ખેતીની પણ માહિતી મેળવી હતી.

---------------------------------------------------------------------

## KHARIF PAK NUKSAN

દાહોદ જિલ્લામાં ઓગસ્ટ મહિનામાં પડેલા ભારે વરસાદથી નુકશાન પામેલા ખરીફ પાક સામે રાજ્ય સરકારે કૃષિ સહાય પેકેજ જાહેર કર્યું છે. તેનો લાભ લેવા માટે દાહોદના જિલ્લા ખેતીવાડી અધિકારીએ ખેડૂતોને જણાવ્યું છે કે તમામ ખેડૂતો ગ્રામ પંચાયતથી ડિજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

આ અરજીની પ્રિન્ટ સાથે જરૂરી તમામ કાગળો અરજી કર્યાના એક દિવસ પહેલા આપવાના રહેશે.

આ સહાયનો લાભ મેળવવા ખેડૂતોએ 31 ઓક્ટોબર સુધી સરકારની સતાવાર વેબસાઈટ પર અરજી કરવાની રહેશે.

---------------------------------------------------------------------

## INDIA NEW ZEALAND

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત અને ન્યૂ ઝિલેન્ડ મહિલા ક્રિકેટ ટીમ વચ્ચે રમાયેલી વનડે શ્રેણીની બીજી મેચમાં ભારતની ટીમ હારી ગઈ હતી. ન્યૂ ઝિલેન્ડની ટીમે ટોસ જીતીને પહેલા બેટિંગ પસંદ કરી હતી. ટીમનાં સુકાની સોફી ડેવિને સૌથી વધારે 79 રન બનાવ્યાં હતાં. જ્યારે સૂઝી બેટ્સે 58, મેડી ગ્રીને 42 અને જ્યોર્જિયા પ્લિમરે 41 રન બનાવ્યાં હતાં. ન્યૂ ઝિલેન્ડની ભારતને જીતવા માટે 260 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ભારતનાં બૉલર રાધા યાદવે 4, દિપ્તી શર્માએ 2 અને સૈમા ઠાકોર તેમજ પ્રિયા મિશ્રાએ એક-એક વિકેટ લીધી હતી.

ભારતીય ટીમનાં રાધા યાદવે સૌથી વધારે 48 રન બનાવ્યાં હતાં. જ્યારે અન્ય ખેલાડીઓ 30થી પણ ઓછા રન બનાવીને આઉટ થઈ ગયાં હતાં. ભારતની ટીમ 183 રન પર ઑલ-આઉટ થઈ ગઈ હતી. ન્યૂ ઝિલેન્ડ તરફથી લિઆ તાહૂહૂ અને સોફી ડેવિને ત્રણ-ત્રણ અને એડન કાર્સન તેમજ જેસ કેરે બે-બે વિકેટ લીધી હતી.

---------------------------------------------------------------------

## PORBANDAR ARCHERY GAME

પોરબંદર જિલ્લાના 6 બાળકોની રાજ્યકક્ષાની તીરંદાજી રમત માટે પસંદગી થઈ છે. બાળકના સમાવેશી વિકાસ માટે કામ કરતી સંસ્થાના આ બાળકોએ જિલ્લાકક્ષાની રાણા કંડોરણા ખાતે યોજાયેલી તીરંદાજી રમતમાં અગ્રીમ સ્થાન મેળવ્યું હતું. તેને ધ્યાનમાં રાખી હવે તેમને ડાંગમાં યોજાનારી રાજ્યકક્ષાની તીરંદાજી સ્પર્ધામાં મોકલવામાં આવ્યા છે.

રાજ્યકક્ષાની રમત માટે પસંદગી થયેલા બાળકોને વિજયતિલક કરાવી સૌએ તેમને શુભકામના પાઠવી હતી. દરમિયાન તેમને વિવિધ વસ્તુઓનું વિતરણ પણ કરાયું હતું.

---------------------------------------------------------------------

## RANJI MATCH

સૌરાષ્ટ્ર અને રેલવેઝ વચ્ચેની રાજકોટમાં રમાયેલી રણજી મેચમાં બીજા દિવસે 17 વિકેટ પડી હતી. જેમાં રેલવેઝની ટીમને પ્રથમ દિવસે સૌરાષ્ટ્રે 234 રનમાં આઉટ કરી હતી અને બીજા દિવસે સૌરાષ્ટ્રની ટીમ 196 રનમાં જ આઉટ થઈ ગઈ.

સૌરાષ્ટ્ર માટે પ્રેરક માંકડેએ 52 અને વિશ્વરાજ જાડેજાએ 36 રન બનાવ્યા હતા. બીજી મેચમાં રેલવેઝે 122 રનમાં 7 વિકેટ ગુમાવી હતી. શિવમ ચૌધરીએ સૌથી વધુ 35 રન કર્યા હતા.

બીજી તરફ રાજસ્થાન સામે ગુજરાતની ટીમે 335 રન બનાવ્યા હતા ગુજરાત માટે જયમિત પટેલે 3 વિકેટ લીધી હતી. રાજસ્થાન હજુ ગુજરાત કરતા 155 રનથી પાછળ છે.

---------------------------------------------------------------------

## SOU - TOY TRAIN

સ્ટેચ્યુ ઓફ યુનિટી નર્મદા પાસે આવેલા ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્કમાં ટોય ટ્રેનનો ફરી પ્રારંભ કરાયો છે. રાજ્ય સરકારના માર્ગદર્શક નિયમો મુજબ જિલ્લા કલેકટરે આ માટે મંજૂરી આપી છે. તમામ જરૂરી સુરક્ષા ચકાસણીઓ પૂર્ણ કર્યા બાદ ટ્રેનને ચલાવવાનો પરવાનો અપાયો છે. ઉલ્લેખનીય છે કે આ પ્રોજેક્ટ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો વિશિષ્ટ પ્રોજેક્ટ છે. પ્રથમ ટેકનોલોજી આધારિત આ ન્યુટ્રિશન પાર્કમાં બાળકો રમતગમત અને શૈક્ષણિક પ્રવુતિઓ દ્વારા પોષણ વિશે જાગૃત બને છે.

---------------------------------------------------------------------